**C.C. No. 560/26**

==========================================================

सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા | **03/04/2026** |
| કેસ રજી. કર્યા તા | **03/04/2026** |
| કેસ ફેંસલ કર્યા તા | **06/06/2026** |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **અવધી:** | **0** | **Y** | **2** | **M** | **3** | **D** |

==========================================================

**રાપરનાં મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (જુ.ડી.) સાહેબની કોર્ટમાં, મું રાપર**

==========================================================

| | |
|---|---|
| **ફોજદારી.કેસ નં.:** | **૫૬૦/૨૬** |
| **આંક:** | |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | સરકારશ્રી. |
| | વિરૂધ્ધ. | |
| આરોપીઓ | : | શીવાભાઈ વેલાભાઈ કોલી<br>રહે. સોમાણી વાંઢ, તા. રાપર, જી. કચ્છ. |

| | |
|---|---|
| **ગુનાની કલમ:** | **ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૧(૨), ૨૯૬ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ** |

| | |
|---|---|
| **ફરીયાદ પક્ષ તરફે એપીપી શ્રી:** | **વી. કે. હઠીલા** |
| **બચાવ પક્ષ તરફે વકીલ શ્રી:** | **એન.એ. ગરવા** |

==========================================================

# –: JUDGMENT (ચુકાદો) :–

## (૧) NARRATION Of FACTS (કેસની હકીકતોનુ નિરૂપણ):–

(૧.૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, બનાવ આજથી એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવના દીવસે હુ મારા કાકાના દીકરાના લગ્નમાં ગયેલો. ત્યારે શીવાભાઈ વેલાભાઈ કોલી લગ્નમાં આવેલ. અને તે મહેમાનોને જેમ તેમ ગાળો બોલતો હોય તેને ગાળો બોલવાની ના પાડતા એક દમ ઉશકેરાઈ ગયેલ અને તેમના હાથમાંની લોખંડની પાઈપ મને હાથ પર મારેલ અને મા બેન સામેની ભુંડી ગાળો આપેલ. અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ. આમ આરોપીઓએ ઈજા પહોંચાડી ગુનો કરી **ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૧(૨), ૨૯૬ તથા જી.પી.એકટ કલમ ૧૩૫** મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

## (૨) પોલીસ કાર્યવાહી:–

(૨.૧) આ કામે **ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૧(૨), ૨૯૬ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ**ના ગુના સબબની ફરિયાદ આ કામના ફરિયાદીએ નોંધાવતાં તે આધારે પી.એસ.ઓ દ્વારા ગુનો નોંધવામાં આવેલો. સદર ગુનાની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારને સોપવામાં આવતા તેઓએ સંભાળી લીધેલી અને જરુરી પંચનામાં કરી,લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ,આરોપીને અટક કરી તેઓ વિરુધ્ધ પુરતો પુરાવો આવતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

==========================================================

## (૩) <u>કોર્ટ કાર્યવાહી:-</u>

**(૩.૧)** આ કામે તપાસ કરનાર અમલદારે અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં **<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૧૦</u>** પ્રમાણે આરોપીઓ સામે ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓ વિરૂધ્ધ **<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૭</u>** મુજબ સમન્સ કાઢવામાં આવેલ હતા જે સમન્સ આરોપીઓને બજી જતા તેઓ અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીઓને **<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૩૦</u>** મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપ્યા બાદ આરોપીઓ સામે **<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ – ૨૩૪ થી ૨૩૬ મુજબ</u> ભારતીય ન્યાય સંહિતાની કલમ <u>૧૧૫(૨), ૩૫૧(૨), ૨૯૬ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ</u>ના** ગુના નું ખુલ્લી અદાલતમાં **<u>આંક ૪ થી તહોમતનામુ</u>** ફરમાવેલ અને બાદ માં આરોપીઓની **<u>પ્લી/જવાબ આંક ૫ થી</u>** રેકર્ડ આરોપીએ પોતાને ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે. આ કામે **<u>ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩</u>** ની જોગવાઈઓ અન્વયે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરિયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

## (૪) <u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા:-</u>

(૪.૧) ફરીયાદી પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે તે નીચે મુજબ છે.

| **ક્રમ** | **આંક** | **સાહેદનુ નામ** |
|---|---|---|

==========================================================

| | | |
|---|---|---|
| **1.** | 6 | ફરીયાદીની જુબાની – દેવશીભાઈ માવેદાભાઈ કોલી |
| **2.** | 7 | ફરીયાદ |
| **3.** | 8 | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| **4.** | 9 | અટક પંચનામુ |
| **5.** | 10 | જાહેરનામુ |
| **6.** | 11 | એમ. એલ. સી. |
| **7.** | 12 | કલોઝીંગ પુરશીશ |

## (પ) <u>બચાવ પક્ષનો પુરાવો:–</u>

(પ.૧) આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ફરિયાદ પક્ષે એપીપીશ્રી એ પુરાવો પુરો થયા નું મૌખીક રીતે જાહેર કરતા તેના આધારે ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવા આધારે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવા પાત્ર પુરાવો જણાતો હોઈ આરોપી નું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.

## (૬) <u>દલીલો:–</u>

(૬.૧) આ કામમાં ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે. વધુમાં કલોઝીંગ પુરસીસમા જણાવેલ છે કે, ફરીયાદીપક્ષે અગત્યના સાહેદોની જુબાની થઈ ગયેલ હોય હવે પછી

==========================================================

વધુ પુરાવો આપવા માંગતા નથી. જેથી સદર કેસની આગળની કાર્યવાહી કરવા જણાવેલ છે.

(૭) <u>મુદ્દા:-</u>

(૭.૧) ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયીક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત છે.

1. **શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ આજથી એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવના દીવસે હુ મારા કાકાના દીકરાના લગ્નમાં ગયેલો. ત્યારે શીવાભાઈ વેલાભાઈ કોલી લગ્નમાં આવેલ. અને તે મહેમાનોને જેમ તેમ ગાળો બોલતો હોય તેને ગાળો બોલવાની ના પાડતા એક દમ ઉશકેરાઈ ગયેલ અને તેમના હાથમાંની લોખંડની પાઈપ મને હાથ પર મારેલ અને મા બેન સામેની ભુંડી ગાળો આપેલ. અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ. આમ આરોપીઓએ ઈજા પહોંચાડી ગુનો કરી, <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૧(૨), ૨૯૬</u> મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?**
2. **શું હુકમ ?**

(૭.૨) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

1. **નકારમાં**
2. **આખરી હુકમ મુજબ.**

==========================================================

================================================================

## // કારણો //

**<u>કારણો/ ચર્ચા અને પુરાવાનુ મુલ્યાંકન:–</u>**

**<u>(Findings And Discussion Of Appreciation Of Evidence)</u>**:–

**<u>મુદ્દા નંબર ૧ :–</u>**

(૮) ફોજદારી ન્યાયતંત્રનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાનું મુલ્યાંકન શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્પીત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાનાં મુલ્યાંકનનો આધાર **<u>ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૩</u>** માં કરવામા આવેલી સાબીતી અને ના સાબીતીની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં સંભવિતતા દર્શાવવાની નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.

હવે ઉપરોકત ફરિયાદપક્ષ તરફે રેકર્ડ ઉપર આવેલ પુરવાઓ નું સમગ્ર રીતે મુલ્યાંકન કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૩ માં

================================================================

==========================================================

''સાબિત'', ''નાસાબિત''તથા બિનસાબિત'' ની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે વંચાણે લતા–

<u>''**સાબિત**''</u>**:**– પોતાની સમક્ષ રજુ થયેલી બાબતોની વિચારણા કર્યા પછી, ન્યાયાલય કોઈ હકીકતનું અસ્તિત્વ છે એમ માને અથવા તેનું અસ્તિત્વ એવું સંભવિત હોવાનું ગણે, કે સમજદાર વ્યકિતએ અમુક કેસના સંજોગોમાં તે હકીકત અસ્તિત્વમાં છે એવું ધારીને વર્તવું ઘટે ત્યારે, તે હકીકત **સાબિત થયેલી** કહેવાય.

<u>''**નાસાબિત**''</u>**:**– પોતાની સમક્ષ રજુ થયેલી બાબતોની વિચારણા કર્યા પછી, ન્યાયાલય કોઈ હકીકતનું અસ્તિત્વમાં નથી એમ માને અથવા તેનું અનસ્તિત્વ સંભવિત ગણે, છે કે કોઈ સમજદાર વ્યકિતએ અમુક કેસના સંજોગોમાં તે હકીકત અસ્તિત્વમાં નથી એવું ધારીને વર્તવું ઘટે ત્યારે, તે હકીકત **નાસાબિત થયેલી** કહેવાય.

<u>''**બિનસાબિત**''</u>**:**– કોઈ હકીકત સાબિત કે નાસાબિત થયેલી ન હોય, ત્યારે તે **બિનસાબિત થયેલી** કહેવાય.

આમ, ઉપરોકત ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૩ માં આપવામાં આવેલ વ્યાખ્યા નજર સમક્ષ રાખતા જયારે કોઈ હકીકત નું અસ્તિત્વ એવં સંભવીત હોય કે સામાન્ય બુધ્ધીશાલી વ્યકિત તે હકીકત નું અસ્તિત્વ હોવાનું માની લે તો તેવી હકીકત સાબિત થયેલ ગણાય અને જો એવી હકીકત નું અસ્તિત્વ નથી એવું કોઈ સામાન્ય બુધ્ધીશાળી વ્યકિત માને તો તે હકીકત નાસાબિત થયેલી

==========================================================

ગણાય. આમ કોઈ હકીકત નું અસ્તિત્વ દરેક કેસના સંજોગો જોતા સામાન્ય બુધ્ધીમત્તા ના ધોરણે તપાસવાનું હોય છે.

(૯) વધુમાં ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને નામદાર કોર્ટની કોઈપણ ભૂલ ભરેલી સજા તે સમાજ તથા આરોપી માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે હંમેશા ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક શાણો/ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપી વ્યાજબી શંકાથી પર ગુનેગાર છે, જે અન્વયે પુરાવાનુ મુલ્યાંકન કરતી વખતે કોર્ટે તેના તારણો, અભિપ્રાય મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી, કાયદાની જોગવાઈઓથી પ્રેરિત અને તેને ધ્યાનમાં રાખીને કરવુ જોઈએ. વધુમાં સાબીત થયેલ હકીકતો કોને કહેવાય? તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને છે તેવી હકીકત સાબીત થયેલી ગણાય.

(૧૦) પુરાવાની ચર્ચા કરતા પહેલા, અત્રે એ સ્પટતા કરવામાં આવે છે કે, આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરિયાદપક્ષ તથા બચાવપક્ષ તરફથી જે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે પુરાવાને કોર્ટ દવારા શબ્દશ: નોંધવામાં આવ્યા છે. તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ફરીયાદ પક્ષે/આરોપીપક્ષે રજુ કરેલા છે તેને ગંભીરતા પુર્વક અને બારીકાઈથી વંચાણે લેવામાં આવેલા છે. જે પુરાવાની ચર્ચા અને તેની ન્યાયીક સમીક્ષા આ જજમેન્ટમાં અંહી નીચે મુજબ કરવામાં આવેલ છે. જે સાહેદોના પુરાવાની ચર્ચા સાહેદોના નામ અને જુબાનીના આંક સાથે, હવે

=====================================================

પછી, પ્રથમ પુરાવાની ચર્ચા કરવામાં આવશે, ત્યાર બાદ પુરાવાનુ મુલ્યાંકન/ ન્યાયીક સમીક્ષા તેના બાદ નીચે મુજબ કરવામા આવેલ છે.

## (૧૧) રેકર્ડ પર આવેલો પુરાવો:–

(૧૧.૧) આ કામે ફરીયાદી દેવશીભાઈ માદેવાભાઈ કોલીની જુબાની નોંધેલ છે જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,"બનાવ આજથી એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવના દીવસે હુ મારા કાકાના દીકરાના લગ્નમાં ગયેલો. ત્યારે શીવાભાઈ વેલાભાઈ કોલી લગ્ન માં આવેલ. અને તે મહેમાનોને જેમ તેમ ગાળો બોલતો હોય તેને ગાળો બોલવાની ના પાડતા મારી સાથે સામાન્ય બોલાચાલી કરેલ. અને ધકામુકીમાં પડી જવાથી મને સામાન્ય ઈજા થયેલ. તે સિવાય બીજુ કશુ બનેલ નહી. મને ઈજા થતા મે દવાખાને સારવાર લીધેલ. બનાવ અંગેની મે પો.સ્ટેમાં ફરીયાદ આપેલ જે મને બતાવવામાંઆવે છે તેમાં મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને કામમાં રજુ દાખલ આંક– ૭ આપવામાં આવે છે. હોસ્ટાઈલ એ વાત ખરી નથી કે બનાવ દીવસે હુ મારા કાકાના દીકરાના લગ્નમાં ગયેલો. ત્યારે શીવાભાઈ વેલાભાઈ કોલી લગ્ન માં આવેલ. અને તે મહેમાનોને જેમ તેમ ગાળો બોલતો હોય તેને ગાળો બોલવાની ના પાડતા એક દમ ઉશકેરાઈ ગયેલ અને તેમના હાથમાંની લોખંડની પાઈપ મને હાથ પર મારેલ અને મા બેન સામેની ભુંડી ગાળો આપેલ. અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ.

જયારે ઉલટતપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ. એ વાત ખરી છે કે આરોપીએ કોઈ ગાળાગાળી કરેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુનામ ઠામ પુછેલુ બાકીની વિગત પોલીસે જાતે

=====================================================

==========================================================

લખી લીધેલ અને વાત ખરી છે કે આરોપીના હાથમાં કોઈ હથીયાર ના હતુ." આમ, ઉપર મુજબનો આટલો પુરાવો ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન રેકર્ડ પર આવવા પામેલ છે.

**<u>પુરાવાનુ મુલ્યાંકન/ન્યાયીક સમીક્ષા:-</u>**

(૧૨) કેસના ફરીયાદી, સાહેદો પંચોએ તેમની જુબાની દરમ્યાન જે હકીકતો જણાવેલ છે તેનુ શબ્દેશ: વર્ણન ઉપર મુજબના રેકર્ડ પરના પુરાવાના વિભાગમાં પેરાગ્રાફ વાઈસ કરેલ છે. હવે પછી, રેકર્ડ પર આવેલા તમામ દસ્તવોજી પુરાવા, બન્ને પક્ષના તમામ મૌખિક પુરાવાની, સાહેદોની જુબાનીના આંક તથા નામ સાથે પુરાવાનુ મુલ્યાંકન/ન્યાયીક સમીક્ષા કરવામાં આવેલ છે. તેમજ ફરીયાદ પક્ષે અને આરોપી પક્ષે કરવામાં આવેલ દલીલની ચર્ચા પણ સાથે નીચે મુજબ કરવામાં આવે છે.જેથી હવે પછી પુરાવાના મુલ્યાંકનમાં માત્ર તેની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ કરવામાં આવશે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષના સૌથી મહત્વના સાહેદ ફરીયાદી પોતે હોય છે જયારે તેમની જુબાની **<u>આંક ૬ થી ફરીયાદી દેવશીભાઈ માદેવાભાઈ કોલી</u>**ની જુબાની નોંધેલ છે સરતપાસ દમ્યાન એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, બનાવ આજથી એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવના દીવસે ફરીયાદી તેમના કાકાના દીકરાના લગ્નમાં ગયેલો. ત્યારે શીવાભાઈ વેલાભાઈ કોલી લગ્ન માં આવેલ. અને તે મહેમાનોને જેમ તેમ ગાળો બોલતો હોય તેને ગાળો બોલવાની ના પાડતા ફરીયાદી સાથે સામાન્ય બોલાચાલી કરેલ. અને ધકામુકીમાં પડી જવાથી ફરીયાદીને સામાન્ય ઈજા થયેલ. તે સિવાય બીજુ કશુ બનેલ નહી. ફરીયાદીએ ઈજા થતા મે

==========================================================

==========================================================

દવાખાને સારવાર લીધેલ. બનાવ અંગેની મે પો.સ્ટેમાં ફરીયાદ આપેલ જે દાખલ આંક– ૭ થી રજુ છે. બાદમાં કોઈ હકીકત ફરીયાદના સમર્થનમાં ફરીયાદી જણાવતા ના હોય જેથી એપીપીશ્રી ની મૌખિક વિનંતીથી ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૧૫૪ (ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૧૫૭) મુજબ અત્રેની કોર્ટ દવારા સાહેદને ફરી ગયેલા એટલેકે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે. અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી આપવામાં આવી. બાદમાં એપીપીશ્રી દવારા પુછવામાં આવેલા સવાલોમાં પણ કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જ્યારે ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ. એ વાત ખરી છે કે આરોપીએ કોઈ ગાળાગાળી કરેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે ફરીયાદીનુ નામ ઠામ પુછેલુ બાકીની વિગત પોલીસે જાતે લખી લીધેલ અને વાત ખરી છે કે આરોપીના હાથમાં કોઈ હથીયાર ના હતુ. આમ, ફરીયાદી બનાવ કઈ તારીખે બનેલ તે ફરીયાદીને ખબર નથી તેવુ રેકર્ડ પર આવેલ છે. બનાવ સમયે સામાન્ય બોલાચાલી થયેલી તેને ઈજા થયેલ જેથી ફરીયાદીએ ફરિયાદ આપેલી તેમજ એ વાતનો ઈકકાર કરે છે કે, આરોપીએ કોઈ માર મારેલ નથી કે મારી નાખવાની ધમકી આપેલી નથી. આમ ફરીયાદી એ ફરીયાદપક્ષના કેસમાં સૌથી મહત્વનો સાહેદ ગણાય છે ખાસ કરીને આવા ગુના કે જેમાં ફરીયાદી પોતે ઈજા પામનાર હોય. ફરીયાદી જયારે પોતે જ ફરીયાદની હકકીતોને સમર્થન ના આપતો હોય ત્યારે અન્ય સાહેદોની જુબાની પર વિશ્વાસ રાખવો હિતાવહ માની શકાય નહી. તેમજ અંહી તો ફરીયાદીએ બીજા સાહેદોને તપસાવા નથી તેવુ સરતપાસમાં જણાવેલ છે. જેથી આ કામે ફરીયાદીએ જે હકીકતો સરતપાસમાં જણાવેલ છે તેમાં અને તેમની ફરીયાદ અને ફરીયાદીની જુબાની વંચાણે લેવામાં આવે તો, મહત્વની બાબતે OMMISSION અને

==========================================================

==========================================================

CONRADICTION હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. જે ફરીયાદપક્ષ માટે નુકશાનરૂપ છે તેવુ માનવાનુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવાનુ થાય છે. જે આ ફરીયાદીની જુબાની આરોપીને તકરસીરવાન ઠરાવવા માટે પર્યાપ્ત નહી હોવાનુ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે.

(૧૪) આ કામે બચાવપક્ષ દવારા કેટલાક દસ્તાવેજો આંકે પાડીને વંચાણે લેવામાં આવે તો કોઈ વાંધો તકરાર નથી તેવો શેરો મારેલ છે. જેથી આ કામે **<u>આંક ૮ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, આંક ૯ થી અટક પંચનામુ, આંક ૧૦ થી જાહેરનામુ, ૧૧ થી ઈજાની સારવાર અંગેનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે</u>**. પરંતુ સદર કામે ફરીયાદીને કોને ઈજા અંગે કોઈ પુરાવો આપેલ નથી તેમજ પંચનામા વાળા આ દસ્તાવેજી પુરાવાની હકીકતનો સ્વિકાર કરવામાં આવે તો પણ ઈજા અંગેનુ અનુમાન થઈ શકે છે. પરંતુ તે ઈજા સદર બનાવવાળી જગ્યાએ બનાવ બનેલ હોવાનું અનુમાન થઈ શકે નહી. તેમજ પરંતુ શું બનાવ બનેલો અને આરોપીનો શો રોલ હતો તે હકીકત જયારે રેકર્ડ ઉપર આવતી નથી અને કોને ઈજા કરેલી તે હકીકત ફલીત થતી હોઈ તેમ છતા આ દસ્તાવેજી પુરાવો ફરિયાદ પક્ષને મદદકર્તા નથી. આ આ તમામ દસ્તવોજોને શબ્દશ: વંચાણે લઈને માની લેવામાં આવે તો પણ ફરીયાદી આરોપી સામે જે ગુનાની ફરીયાદ નોંધાવેલ છે. તે સાબીત થતી નથી. વધુમાં આ કામે **<u>આંક ૧૨ થી ફરીયાદપક્ષની કલોઝીંગ પુરશીશ</u>** રજુ કરેલ છે. જેને પણ વંચાણે લીધેલ છે. તેમજ પંચનામા માત્ર તપાસમાં વિશ્વનીયતા ઉભી કરવા માટે કરવામાં આવે છે. જેના એક પર આધાર રાખી શકાય નહી. આરોપીને હાલના ગુનામાં તકસીર ઠરાવી શકાય નહી. આમ ફરીયાદપક્ષના દસ્તવોજી પુરાવાને મૌખીક પુરાવાથી સમર્થન મળતુ નથી.અને ફરિયાદી પોતાની સોગંદ ઉપરની

==========================================================

==========================================================

જુબાનીમાં આરોપીઓ ધ્વારા તેમને કોઈ માર મારવામાં આવેલ હોવા બાબતે કોઈ હકીકત જણાવેલ નથી.આ ઉપરાંત ફરિયાદી ને કોણે કોને શું મારેલ તે અંગે તેઓ કહી શકે નહી તેમ જણાવેલ છે. આમ આ કામના આરોપીઓને તેઓની સામેના આક્ષેપિત ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૬) હવે આક્ષેપિત ગુના બાબતે ફરિયાદ પક્ષના કેસની હકીકતને ધ્યાનમાં લેવામાં આવે તો ફરિયાદ હકીકત મુજબ આ કામના આરોપીઓએ ફરિયાદી અને સાહેદને ગાળો બોલી હોવાની હકીકત ફલિત થાય છે પરંતુ આ કામના ફરિયાદીની જુબાનીનું ધ્યાનપુર્વક અને ઝીણવટપુર્વક મુલ્યાંકન કરી વંચાણે લેવામાં આવે તો ફરિયાદી તેમની જુબાનીમાં આરોપીઓએ ગાળો બોલી હોવા બાબતે કોઈ પુરાવો આપેલ નથી. આમ આરોપી ધ્વારા ગાળો આપેલ તેમાં ચોકકસ શું શબ્દો બોલેલા તે રેકર્ડ ઉપર આવતુ નથી. **બી.એન.એસ. કલમ ૩૫૧(૨)** ના આવશ્યક તત્વો જોતા ખરેખર આરોપી કયા શબ્દો ગાળોમાં બોલેલા અને તેને કારણે ફરિયાદીને ઉશ્કેરાટનું કારણ મળેલ હોય કે જાહેર શાંતિનો ભંગ થયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવતુ નથી.આ તબકકે નામદાર ***ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૭ (૧) જી.એલ.એચ.૩૩૭,પ્રવિણભાઈ બેચરભાઈ વિરુઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત***ના ચુકાદામાં જે ઓબ્ઝર્વેશન કરેલ છે તે ધ્યાનમાં લેતા આ ગુનાના કામે **બી.એન.એસ. કલમ ૩૫૧(૩)** મુજબના આવશ્યક તત્વો સંતોષાતા નથી.આ સંજોગોમાં આરોપીઓની ધમકીને કારણે ફરિયાદીને ખરેખર ભયની ઘંટડી બજતી હોય તેવું લાગ્યુ હતુ કે કેમ ? અને ફરિયાદી ઉપર ધમકીની કોઈ અસર થઈ હતી કે કેમ ? તેમજ તે ધમકીની અસર હેઠળ ફરિયાદીએ કોઈ કૃત્ય કે કાર્યલોપ કરેલ કે કેમ ? તે પણ સાબીત થવુ જોઈએ પરંતુ તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપરથી ફલિત થતી નથી. જેથી

==========================================================

================================================================

આ કામના આરોપીઓ વિરુધ્ધ **<u>બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૧(૨), ૨૯૬</u>** મુજબનો ગુનો કરેલ છે કે કેમ ? તે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી.

(૧૭) વધુમાં **<u>નામદાર સર્વોચ્ચ અદાલતનાં ૧૯૯૬ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિમિનલ) પાના નં.૧૧૦૪ વાળા</u>** ચુકાદા મુજબ, સાહેદી લીસ્ટમાના અન્ય સાહેદોને જો તપાસવામાં આવે તો પણ કેસનાં અંતિમ પરિણામમાં કોઈ ફરક પડે તેમ જણાતું ન હોય ત્યારે માત્ર પ્રક્રિયા પુરી કરવા માટે થઈને અન્ય સાહેદોને તપાસવા માટે અદાલતનો કિંમતી સમય વેડફવો ન્યાયોચિત જણાતુ ન હોય અન્ય સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી.

(૧૮) નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદા AIR 2001 (S.C) 1380 "Sohan v. State of Haryana" માં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે,

"21. An accused is presumed to be innocent until he is found guilty. The burden of proof, that he is guilty, is on the prosecution and that the prosecution has to establish its case beyond all reasonable doubts. In other words, the innocence of an accused can be dispelled by the prosecution only on establishing his guilt beyond all reasonable doubts on the basis of evidence."

(૧૯) આમ **<u>ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ (ભારતીય સાક્ષ્ય અધિનીયમ કલમ ૧૦૪)</u>** મુજબ ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે અને ફરીયાદ પક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ

================================================================

==========================================================

પુરાવાથી આરોપીઓ સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આરોપીઓ ઉપર તે પોતે નિદોર્ષ છે તેવુ સાબિત કરવાનો નકારાત્મક બોજો નાંખી શકાય નહી.

(૨૦) તેવા સંજોગોમાં ઉપરોકત પેરામાં કરેલ ચર્ચા મુજબ ફરિયાદી અને સાહેદે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. બનાવ સમયે,સ્થળ અને વિગતે આરોપીઓએ ફરિયાદી સાથે બોલાચાલી કરી, માર મારી ઈજાઓ કરી,સ્વેચ્છાપુર્વક ઈજા કરેલાની હોવાની હકીકત પુરવાર થતી નથી તે સંજોગોમાં સદર કામે આક્ષેપાયેલા ગુનાના મુખ્ય આવશ્યક તત્વો પુરવાર થતા નથી.આ સંજોગોમાં જો ફરિયાદ પક્ષે અન્ય સાહેદોને તપાસવામાં આવે અને તેઓની જુબાનીને તેમની તેમ માની લેવામાં આવે તો પણ ફરિયાદ પક્ષના મુખ્ય સાહેદોના સોગંદ ઉપરના પુરાવાના વિરોધાભાસને કારણે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ધ્યાને લેતા તે સાહેદોને તપાસવામાં આવે અને તેઓ ફરિયાદ પક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન કરે તો પણ ફરિયાદ પક્ષના કેસના ગુણદોષમાં કોઈ ફેર પડે તેમ ન હોઈ તે સાહેદોને તપાસવામાં આવેલ નથી.આમ આ કામે રજુ થયેલ પુરાવાને ધ્યાનમાં લેતા ફરિયાદ પક્ષ પોતાના કેસની હકીકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોઈ મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

==========================================================

==========================================================

## –:આખરી હુકમ:–

1) આ કામના આરોપી શીવાભાઈ વેલાભાઈ કોલીરહે. સોમાણી વાંઢ, તા. રાપર, જી. કચ્છનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૧(૧) અન્વયે તેઓની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૧(૨), ૨૯૬ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ અન્વયેના ગુન્હાના કામે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવા નો હુકમ કરવામાં આવે છે.

2) ભવિષ્યમાં આ ચુકાદા વિરુધ્ધ અપીલ દાખલ થાય તો તેવા સંજોગોમાં આ કામના આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ કરવામાં આવેલી જોગવાઈ અનુસાર આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) પુરતા અગાઉ આ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન રહેલ જામીદનારને અપીલના સમય પુરતા જામીન તરીકે ચાલુ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે. અપીલ સમય બાદ આરોપીઓના જામીનખત રદ ગણવા.

3) કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વીતે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ **તારીખ – ૦૬, માહે – જુન, સને – ૨૦૨૬,** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** **06/06/2026**
**સ્થળ:** **રાપર.**

**(અમિત મહેન્દ્રભાઈ પાટડીયા)**
જજ કોડ નં. જીજે ૦૧૪૩૪
પ્રિન્સીપાલ સિવિલ જજ તથા
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, રાપર.

==========================================================